# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા-૧/૧૯-૨૦/૫૪૪૧–૩** **તા.૧૩–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૭/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: **અરશી દેવશી કારાવદરા** ગામ: **સણખલા**
રજૂઆત કરનાર: **અરજદાર અરશી દેવશી કારાવદરા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વી.સોમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**
કાર્યપાલક ઈજનેર શ્રી ડી.એમ.કમાણી પીજીવીસીએલ ગ્રામ્ય વિભાગીય કચેરી – **પોરબંદર**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૦૭-૦૮-૨૦૧૯ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯-૦૭-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. અરજદાર ની લેખીત રજૂઆત મુજબ કાર્યક્ષેત્ર- ગ્રામ્ય વિભાગીય કચેરી – **પોરબંદર હેઠળ લાગુ પડતું હોય**, સદર કેસની સુનાવણી જે તે વખતે કરેલ ન હતી. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૦૭-૦૮-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર અને પીજીવીસીએલ પક્ષકારો તરફથી રજૂઆત કર્તા ઉપર મુજબ **હાજર રહેલ છે.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર અરશી દેવશી કારાવદરા ગામ -સણખલા, તેઓની અરજીના નોંધણી નં: ૪૭/ક્વા-૧/ ૧૯-૨૦, માં જણાવે છે** કે, દ્વારકા જીલ્લાના ભાણવડ તાલુકાના સણખલા ગામે સર્વે નંબરઃ ૭૭૪ થી ખેતીવાડી વીજજોડાણ ની જમીન આવેલ છે. સદર સર્વે નંબરમાં પિયત ની સગવડ ન હોય, બાજુમા આવેલ ભોમીયાદર વર્તુ નદીની પેટા કેનાલમાથી પાઈપ લાઈન દ્વારા પાણી મેળવવા માટે સરકાર શ્રી દ્વારા નિયત થયેલા દરે– રકમ ભરપાઈ કરતા, પોરબંદર તાલુકા વિકાસ અધિકારી દ્વારા ૦૫ વર્ષ એટલેકે જુન–૨૦૨૦ સુધીની મંજુરી અપાતા, બગવદર પીજીવીસીએલ ની કચેરીમાં ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે નોંધણીચાર્જ ભરપાઈ કરીને નોંધણી કરાવેલ. જે અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા માંગણી મુજબ ના સર્વે નંબરઃ ૩૧૦/૧/૧ પર થ્રી ફેઇજ વીજજોડાણ હૈયાત છે, જેના ગ્રાહક નં. ૩૨૮૦૬૦૮૬૧ છે. જેથી, બીજુ વીજજોડાણ મળી શકે નહી.

૨.૧ નામદાર જીઈઆરસી દ્વારા તા.૩૧–૦૩–૧૭ ના રોજ કેઈસ નં. – ૧૩/૨૦૧૭ ના અનુસંધાને – આપેલ ચુકાદામાં ૨.૪ ના પેરામાં જણાવેલ બાબત લાગુ પડતી હોય – તે મુજબ નવુ માંગણી મુજબ નુ વીજજોડાણ અલગ સર્વે નંબરમાં છે. ત્યાથી પાઈપલાઈન દ્વારા સર્વે નંબરઃ ૩૧૦/૧ માં પિયત કરવાનુ છે. જેથી, ૦૨ અલગ – અલગ જગ્યાએથી પાણી એકત્રીત કરી અને એકજ સર્વે નંબરમાં પિયત ન કરી શકે તેવી જોગવાઈ જણાયેલ નથી. જેથી, એકજ સર્વે નંબરમાં બીજુ વીજજોડાણ આપવા અંગે ના જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૨૦૪૪, તા.૨૫–૧૦–૧૬ મા જણાવ્યા મુજબ એકજ સર્વે નંબર અંગે બાંહેધરી લેવામા આવે છે.આમ, અરજદારે વીજજોડાણ આપવા અંગે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદારશ્રી અરશી દેવશી કારાવદરા રે. સણખલા તા. ભાણવડ જી. દેવભુમી દ્વારકા ખાતે સર્વે નં ૭૭૪(જુના ૩૧૦/૧/૧) ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટે બગવદર પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય કચેરી પોરબદર ખાતે અરજી કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

૩.૧ અરજદારશ્રી અરશી દેવશી કારાવદરા રે. સણખલા તા. ભાણવડ જી. દેવભુમી દ્વારકા ખાતે સર્વે નં ૭૭૪(જુના ૩૧૦/૧/૧) ખેતીની જમીન ધરાવે છે જેના પર ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટે બગવદર પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય કચેરી પોરબદર ખાતે તા ૧૧.૯.૨૦૧૫ ના રોજ પહોચ નં ૨૦૭૩૭૭ થી રજીસ્ટ્રેશન કરાવેલ છે.

૩.૨ તા ૨૩.૮.૨૦૧૮ ના રોજ બગવદર પેટા વિભાગીય કચેરી તરફથી જુ.ઈ દ્વારા સ્થળ રોજકામ કરવા જતા ખેડખાતુ સર્વે નં ૩૧૦/૧/૧ ગામ સણખલા તા ભાણવડ જી. દેવભુમી દ્વારકા (જે પેટા વિભાગીય કચેરી ભાણવડ હેઠળ )અને ખેડખાતા પર પાણીનો સ્ત્રોત ઓરીયો ધોરીયો ગામ ભોમીયાદર તા. પોરબંદર પેટા વિભાગીય કચેરી બગવદર હેઠળ આવે છે અને રોજકામ માં ગ્રા.નં ૩૨૮૦૬/૦૧૦૮૬/૧ નો ઉલ્લેખ કરેલ અને ચેક કરવું તે દર્શાવેલ છે. જે ગ્રાહક નં ૩૨૮૦૬/૦૧૦૮૬/૧ એ ભાણવડ સ/ડી જી. દેવભુમી દ્વારકા હેઠળ આવે છે.

૩.૩ બગવદર પેટા વિભાગીય કચેરી તરફથી બીએસડી/આર.ઈ/૫૭૪૮ તા ૦૪.૧૦.૨૦૧૮ ના રોજ અરજદારશ્રી કારાવદરા અરશી દેવશી ને પત્રાથી જાણ કરેલ કે સર્વે નં ૩૧૦/૧/૧ પર થ્રી ફેઝ વિજ જોડાણ ગ્રા. નં ૩૨૮૦૬/૦૧૦૮૬/૧ થી હયાત છે, જેથી સદર અરજી ના આધારે બીજું કનેકશન મળી શકે નહી.

૩.૪ અરજદારની અરજી તા ૨૩.૧.૨૦૧૯ ઇનવર્ડ નં ૧૨૩ મુજબ પેટા વિભાગીય કચેરી બગવદર દ્વારા તા ૨૫.૧.૨૦૧૯ ના રોજ નાયબ ઇજનેરશ્રી ભાણવડ ને પત્રાથી જાણ કરેલ કે જમીન ભાણવડ પેટા વિભાગીય કચેરી હેઠળ આવે છે તો ઓરીજનલ અરજી ની ફાઇલ આગળની કાર્યવાહી અર્થે ભાણવડ કચેરીને પરત કરેલ છે.

૩.૫ ભાણવડ પેટા વિભાગીય કચેરી ડીવીઝન ખંભાળીયા તરફથી પત્ર નં બીઅસેડી/જેજેડી/એચઆર/૨૭૪૫ તા ૨૦.૬.૨૦૧૯ માં જણાવ્યા મુજબ સ્થળ સર્વે કરતા જે જગ્યાએ ટીસી ઊભું કરવાનું થાય તે જગ્યા ભોમીયાવદર પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી બગવદર હેઠળ આવતું હોય જેથી ભાણવડ પેટા વિભાગીય કચેરી તરફથી ઓરીજનલ અરજી ને ફાઇલ પરત કરેલ જે બગવદર વિભાગીય કચેરીને ઇનર્વડ નં ૧૦૬૩ તા ૨૮.૬.૨૦૧૯ ના રોજ મળેલ છે.

૩.૬ બગવદર પેટા વિભાગીય કચેરી ને પત્ર તેમજ ફાઇલ મળતા પત્ર નં બીએસડી/ટેક/૪૩૨૬ તા ૦૫.૭.૨૦૧૯ મુજબ ખેડખાતુ ગામ સણખતા સર્વે નં ૩૧૦/૧/૧ ભાણવડ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતુ હોવાથી તે જગ્યા પરનું નો-ડયુ સટી તેમજ સર્વ નં ૩૧૦/૧/૧ પર વિજ જોડાણ હયાત નથી તેનું પ્રમાણ-પત્રા નાયબ ઈજનેર પીજીવીસીએલ ભાણવડ પાસે મંગાવેલ છે.જે રજુ થયે – નિયમ મુજબ આગળ ની કાર્યવાહી થઇ શકે.

૩.૭ ભાણવડ પેટા વિભાગીય કચેરી પત્ર નં બીએસડી/જેજેડી/૩૫૦૮ તા ૦૮.૭.૨૦૧૯ મુજબ સ્થળ પર ગ્રા.નં ૩૨૮૦૬/૦૧૦૮૬/૧ થી ૭.૫ હોર્સ પાવરનું વિજ જોડાણ ધરાવે છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી અરશી દેવશી કારાવદરા દ્વારા ભોમીયાદર ગામ ના સર્વે નંબરઃ ૩૧૦/૧/૧ ની જમીનમાં પિયત માટે વધારે પાણીની જરૂર હોય, તાલુકા વિકાસ અધિકારી પોરબંદર ના પત્ર નં– ૩૯૫ / ૨૦૧૨ તા.. / ૦૬/૧૫ ની નકલ રજુ કરેલ છે. જેમા સદર જમીન માં વર્તુ નદીની પેટા કેનાલમાથી પાઈપ લાઈન દ્વારા પાણી મેળવવા માટે ની માંગણી અન્વયે જરૂરી શરતોને આધિન ૦૫ વર્ષ માટે એટલેકે જુન–૨૦૨૦ સુધીની મંજુર કરેલ છે. જે અનુસંધાને અરજદારે સદર જગ્યાએ નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે – બગવદર પેટા વિભાગીય કચેરી મા અરજી ની નોંધણી તા.૧૧–૦૯–૧૫ થી ડાર્કઝોન યોજના હેઠળ કરાવેલ છે. જે અન્વયે અરજદારે અરજી સાથે નોટરાઈઝ સ્ટેમ્પપેપર બાંહેધરીપત્રક જોડેલ છે, જેમા નિયમાધીન જીજીઆરસી કંપની અંતર્ગત માંગેલ વીજજોડાણવાળા સર્વે નંબરમાં તમામ જમીનમાં સુક્ષ્મ પિયત પધ્ધતિ સ્વીકારવા તૈયાર છે, અને જે સર્વે નંબર મા તેઓ વીજજોડાણ લેવા માગે છે, તે સર્વે નંબર પર બીજુ વીજજોડાણ હૈયાત નથી. તેમજ એક સર્વે નંબર પર ૦૨ વીજજોડાણ મળવા પાત્ર નથી, અને જો પીજીવીસીએલ ના સર્વે દરમ્યાન માંગણી મુજબ ના – સર્વે નંબર પર – બીજુ કોઈ વીજજોડાણ હૈયાત હોય તો – વીજજોડાણ ની અરજી રદબાતલ થવા પાત્ર છે.

૪.૨ ઉપરોક્ત અરજી ના આધારે બગવદર પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર ની માંગણી મુજબ નુ વીજજોડાણ ગામ– સણખલા ના સર્વે નંબરઃ ૩૧૦/૧ પૈકી ૧ મા કુલ જમીન – હે.આર.ચોમી.–૧–૨૩–૭૦ ના સર્વે મુજબ જણાયેલ ક્ષતિ અન્વયે અરજદારને તા.૦૪–૧૦–૧૮ થી લેખીત પત્રથી જાણકારી આપેલ, તે મુજબ – સદર સર્વે નંબરમાં થ્રી ફેઇઝ વીજજોડાણ ગ્રાહક નં. – ૩૨૮૦૬/૦૧૦૮૬/૧, થી હૈયાત હોય, જેથી બીજુ વીજજોડાણ મળી શકે નહી, તેમજ દિન–૦૭માં સદર બાબત ની લેખીત સ્પષ્ટતા ન આવતા સદર વીજજોડાણ જોઈતુ નથી – તેમ માની અરજી દફતરે કરવામા આવશે. જે અનુસંધાને અરજદારે તા.૨૧–૦૧–૧૯ ની લેખીત અરજી બગવદર–પેટા વિભાગીય કચેરી પોરબંદર ની રજુઆત મુજબ – અરજદારે વિદ્યુત લોકપાલ અમદાવાદ ના કેઈસ નં. –૧૩/૨૦૧૭ ના ચુકાદાના સંદર્ભમા વીજજોડાણ આપવા રજુઆત કરેલ છે.

૪.૩ ઉપરોક્ત બાબતે – બગવદર પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૨૫–૦૧–૧૯ થી પેટા વિભાગીય કચેરી ભાણવડ ને જણાવેલ કે અરજદાર ની માંગણી મુજબ નુ વીજજોડાણ – કાર્યક્ષેત્ર ભાણવડ હેઠળ આવતુ હોય – કેઈસ ફાઈલ જરૂરી કાર્યવાહી અર્થે સુપરત કરેલ. જે અન્વયે પેટા વિભાગીય કચેરી ભાણવડ ના પત્ર તા.૨૦–૦૬–૧૯ થી પેટા વિભાગીય કચેરી બગવદર ને સદર ફાઈલ અન્વયે સર્વે કરતા વીજજોડાણ આપવાનુ કાર્યક્ષેત્ર બગવદર હેઠળ આવતુ હોવાથી ફાઈલ પરત કરેલ. ત્યારબાદ, પેટા વિભાગીય કચેરી બગવદર દ્વારા સદર અરજી ના અનુસંઘાનેના બાકી લેણુ અને સર્વે નંબરઃ ૩૧૦/૧ પૈકી ૧ (૭૭૪) ઉપર કોઈ વીજજોડાણ નથી, તે અંગે નુ પ્રમાણપત્ર આપવા માટે પેટા વિભાગીય કચેરી ભાણવડ મા તા.૦૫–૦૭–૧૯ થી જાણકારી આપેલ. ત્યારબાદ, પેટા વિભાગીય કચેરી ભાણવડ દ્વારા તા.૦૮–૦૭–૧૯ થી પેટા વિભાગીય કચેરી બગવદર ને જણાવેલ કે સણખલા ગામ ના રે. સર્વે નંબરઃ ૩૧૦/૧ પૈકી ૧ (૭૭૪) માં ગ્રાહક નં. – ૩૨૮૦૬/૦૧૦૮૬/૧, હૈયાત છે. તેમજ કોઈ લેણી રકમ બાકી નથી.

૪.૪ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૩/એજી/૧૦૨૧ તા.૧૮–૦૮–૧૭ મા કરાયેલ જોગવાઈ ના મુદદા નં. (૧૨) મુજબ ની વિગતે – '' ખેડુત ની માલીકી ની જમીન કે જયા પિયત / સિંચાઈ કરવાની છે, તે સર્વે નંબર ની જમીન, આઠ (૮) એકર કરતા ઓછી હશે અને એક વીજજોડાણ ધરાવતા હશે તો, તેમને સરકાર શ્રી દ્વારા ફાળવેલ બે ગુઠા જમીનમાં બનાવેલ બોર / કુવા પર બીજુ ખેતીવાડી વીજજોડાણ આપી શકાશે નહી. ''

૪.૫ ફોરમ કમિટી મીટીંગ દરમ્યાન અરજદાર ની મૌખિક રજુઆત મુજબ – અરજદાર ના હૈયાત વીજજોડાણવાળા કુવા માં પાણીના સ્તોત્ર પુરતો ન હોવાથી – તે કુવા પર નુ વીજજોડાણ રદબાતલ કરવા અરજદાર તૈયાર છે.

૪.૬ આમ, સદર કેઈસ મા ઉપરોક્ત બાબતો ને ધ્યાનમાં લેતા – અરજદાર ની માંગણી મુજબ ઓરીયા ધોરીયા પર નુ જોડાણ મેળવવા માટે અરજદાર ની સદર ઓરીયા ધોરીયા પરથી પિયત માટે ની મુદત જુન–૨૦૨૦ સુધીની હોય – તેઓએ સદર મુદત વધારવા માટે ની મંજુરી મેળવવાની રહેશે, જેની પ્રવર્તમાન નિયમ મુજબ યોગ્ય કિમત ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર બાંહેધરી આપવાની રહેશે અને હૈયાત વીજજોડાણ નિયમાધીન પીડીસી કરાવવાનુ રહેશે. સદર બાબતે અરજદાર દ્વારા જરૂરી કાર્યવાહી થયેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૩/એજી/૧૦૨૧ તા.૧૮–૦૮–૧૭ અન્વયે બોર / કુવા માટે ફાળવેલ ખેતીવાડી જમીનમાં વીજજોડાણ આપવા અંગે ની ધારાધોરણ / શરતો ને આધિન – વીજજોડાણ આપવાની કાર્યવાહી કરવી, તેમજ તેમા જણવેલ – ધારાધોરણ / શરતો ની જાણકારી અરજદાર ને આપવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબ હુકમ કરવામા આવે છે.
૪.૮ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)
સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯